# કણમાં મણ

ચિત્રભાનુ

# કણમાં મણ

ચિત્રભાનુ


© સર્વ હક્ક લેખકને સ્વાધીન

પ્રથમ આવૃત્તિ સંવત ૨૦૨૭

મૂલ્ય: ૧.૫૦

પ્રકાશક :
કાન્તિલાલ નહાલચંદ શાહ
દિવ્યજ્ઞાન સંઘ
ઈ-૧, કવીન્સ વ્યૂ, ૨૮/૩૦ વાલકેશ્વર
મુંબઈ-૬

મુદ્રક :
અરુણ કે. મહેતા
વકીલ એન્ડ સન્સ પ્રા. લિ.
વકીલ્સ હાઉસ
૧૮ બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ-૧



જન્મ: પોષ સુદ ૧૧, સં. ૧૯૬૦

સ્વર્ગવાસ: માગશર સુદ ૪, સં. ૨૦૨૨

ઊગતી કળી જેવી બાલ્યાવસ્થામાં સંયમ લીધો અને સંયમની ગહનતા સમજવા જેવી વય આવે તે પહેલાં આચરણ આદર્યું.

તપ અને સંયમની કઠિન કેડી પર ચાલવા છતાં હૃદયની સરળતા અને રસસભર વાણી એમને માટે સહજ હતાં.

પૂર્ણ શુદ્ધિના દર્શન કરાવે એવાં ઉગ્ર તપ અને ત્યાગે એમના આત્મામાં સર્વ માટે સમભાવ અને કોમળ લાગણીના ધોધ વહેતા કર્યા હતા—એવા

**સ્વ. પૂ. સાધ્વીરત્ન શ્રી વસંતશ્રીજી મહારાજને**

વંદન સહ—

**—પ્રભાબેન પરીખ**

# તણખાનું તેજ

વર્ષનાં બાવન અઠવાડિયાનું પ્રતિનિધિત્વ કરતા આ બાવન કણ છે. બિન્દુમાં સિન્ધુની જેમ આ પ્રત્યેક કણમાં મણ સમાયો છે. શ્રમ અને સ્નેહથી ખેતી કરતાં આવડે તો કણમાંથી મણ થાય, નહિ તો બીજ પણ બળી જાય. એટલે સર્વ પ્રથમ આવશ્યકતા છે ખેડૂતની.

આ જીવનના ખેતરમાં કરુણાની વર્ષા થાય અને જ્ઞાનના હળથી આતમખેડૂત વાવણી કરે તો ખેતીમાંથી મોતી પાકે.

પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુશ્રીના પ્રવચનમાંથી 'દિવ્ય-દીપ'ના પ્રથમ પાને વિખરાયેલ કણનો આ સંચય છે.

આ કણ કોઈ વ્યકિત કે સંપ્રદાયના નથી. વિશ્વજીવન-માંથી આવ્યા છે અને વિશ્વજીવનના શ્રેયાર્થે એના જ ચરણે પુન: ધરીએ છીએ.

**દિવ્યજ્ઞાન સંઘ**

મંગળ પ્રભાત
સંવત ૨૦૨૭

# પ્રકાશની વેદી પર

દૂરદૂરના પ્રદેશમાં બુદ્ધ ધર્મનો પ્રકાશ પ્રસરાવવાની તીવ્રતા આચાર્ય દીપંકરના મનમાં ઘોળાઈ રહી હતી, મનમાં મંથન હતું. શિષ્યોએ પૂછ્યું: "પ્રભુ, એવું શું છે જેણે આપને આટલા વિચારમગ્ન કર્યા છે?"

મંથનને વાચા આપતા આ વૃદ્ધ આચાર્યે કહ્યું: "આપણે સૌ ભકતોના માનપાનના માનસિક સુખમાં કેટલા ડૂબી ગયા છીએ કે દૂરદૂરના અજાણ્યા પ્રદેશોમાં જઈ ધર્મપ્રચાર કરવાની કોઈને ઇચ્છાય થતી નથી. પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ અને પૂજનનું સુંવાળું બંધન કેવું મજબૂત હોય છે!"

ત્યાં પૂર્ણ નામના શિષ્યે નમન કરી કહ્યું: "પ્રભો! મને આજ્ઞા આપો. અનાર્ય દેશમાં ધર્મપ્રચાર કરવા હું જઈશ."

"પણ એમ કરવા જતાં તમારું આયુષ્ય ઓછું થશે." આચાર્યે ભવિષ્ય ભાખ્યું.

પૂર્ણે છોડ પર ખીલેલા ફૂલ ઉપર નજર ઝુકાવી. "ગુરુદેવ! ફૂલનાં જીવન ટૂંકાં જ હોય છે ને! પણ થોડા જ સમયમાં એ કેટલી સુવાસ, કેટલો રંગપરાગ અને કેટલું સુકુમાર સૌન્દર્ય પાથરી જાય છે! ઘણા ખરા માણસો હેતુ વિના જ મરે છે. હું તો ધર્મપ્રચાર અને કરુણાનો પ્રકાશ ફેલાવતાં મરીને અમર થઈશ."

## અમાપ.

એ મદમાતી ભરવાડણ દૂધનું બોઘરણું ભરી રોજ શહેરમાં વેચવા જતી. માર્ગમાં એના પ્રિયતમનું ખેતર આવતું. ત્યાં ઘેઘૂર વડલા નીચે બેસી બે ઘડી બન્ને પ્રેમગોષ્ઠિ કરતાં. જતાં જતાં એ પેલાનો લોટો દૂધથી છલકાવતી જતી. બાકીના દૂધને વેચી એ પાછી વળતી.

આજ પાછા વળતાં એની સખી મળી. એણે પૂછ્યું: "કેટલાનું દૂધ વેચ્યું?"

"સાત રૂપિયાનું."

"અને તારા પરણ્યાને કેટલું પાયું?"

એણે મલકાઈને ઉત્તર વાળ્યો: "એ તે કાંઈ માપવાનું હોય? પ્રેમમાં પૈસાની ગણત્રી શી?"

આ વાત એક સંતે સાંભળી અને બોલ્યા: "તો પછી પ્રભુના પ્રેમને તો પૈસાથી કે પારાથી મપાય જ કેમ?"

# હૃદયતૃષ્ણા

રાજાનો નિયમ હતો. પ્રભાતના પહેલા પ્રહરે મારા બારણા ઉપર જે ટકોરા મારે એનું પાત્ર સોનામહોરોથી ભરી દેવું. આમ ઘણાનાં પાત્ર ભર્યાં. એક નવો ભિક્ષુ આવ્યો. એણે ટકોરા માર્યા, દ્વાર ખોલ્યું. રાજા મૂઠા ભરીભરીને સોનામહોર એના પાત્રમાં નાખતો ગયો પણ પાત્ર ન ભરાયું. આખો ભંડાર ખાલી કર્યો તો ય પાત્ર ન ભરાયું. રાજાને નવાઈ લાગી. પૂછ્યું: "શેનામાંથી આ પાત્ર બનાવ્યું છે? કઈ ધાતુનું છે?"

જવાબ મળ્યો: "આ પાત્ર માનવના હૃદયમાંથી મેં બનાવ્યું છે. માનવનું હૃદય એવું ભૂખ્યું છે, એવું લોભિયું છે, એવું અસંતોષી છે કે એને ગમે એટલું આપો પણ એ ન ભરાય."

જ્ઞાની રાજાએ કહ્યું: "હૃદયતૃષ્ણાનો અર્થ તમે બરાબર સમજાવ્યો. આ હૃદય કોઈ પણ દિવસ તૃપ્ત નહિ થાય. જીવનમાં સંતોષ આવશે તો જ હૃદયપાત્ર ભરાશે."

# પુરુષાર્થ કે પ્રારબ્ધ?

પુરુષાર્થ ચઢે કે પ્રારબ્ધ — એની ચર્ચા યુગોથી ચાલ્યા જ કરે છે. વિદ્વાનો જેનો પક્ષ લે છે તેના એકપક્ષી સમર્થનમાં પોતાની સમગ્ર બુદ્ધિશકિત એ વાપરે છે. આનો સર્વસામાન્ય ઉત્તર એક હોડીવાળાએ શોધી કાઢયો છે! એણે પોતાની હોડીનાં બે હલેસાંનાં નામ આપ્યાં છે: પુરુષાર્થ અને પ્રારબ્ધ.

કોઈ ચર્ચા કરે તો એ કંઈ પણ બોલ્યા વિના પુરુષાર્થ નામનું હલેસું ચલાવે એટલે હોડી ગોળ ગોળ ફર્યા કરે; એ પછી તે પ્રારબ્ધ નામનું હલેસું ચલાવે એટલે નૌકા અવળી દિશામાં ગોળ ગોળ ફરે.

સ્મિત કરીને બન્ને હલેસાં સાથે ચલાવે એટલે નૌકા સડસડાટ કરતી ધારેલી દિશામાં દોડવા લાગે.

કોયડાનું સમાધાન કરવા એ કહે: "પુરુષાર્થ અને પ્રારબ્ધનાં બન્ને હલેસાં સાથે કામ કરે તો જીવનનૌકાને કયું બંદર અપ્રાપ્ય છે?"

# દર્શન કે પ્રદર્શન?

એક ફકીર બાદશાહનો મહેમાન થયો. એણે લાંબી નમાજ પઢી બાદશાહને આશ્ચર્યચકિત કરી દીધો. બાદશાહે પોતાની બાજુમાં બેસાડીને એને સન્માનપૂર્વક જમાડયો. બાદશાહનો ખોરાક કેટલો! એટલે એણે પણ ઓછું ખાધું. બાદશાહને ફકીર સંયમી લાગ્યો.

બાદશાહનો સત્કાર મેળવી એ ઘેર આવ્યો અને કહે:

"ખાવાનું લાવ. લાંબી નમાજમાં ઊઠબેસ ખૂબ કરવી પડી છે. ભૂખ કકડીને લાગી છે."

"તમે તો બાદશાહના મહેમાન હતા ને?"પત્નીએ પૂછ્યું.

"હા, બાદશાહને ખાઉધરો ન લાગું એટલે ઓછું ખાધું અને નમાજ લાંબી ભણી."

"તો ભલે ખાઓ. પણ તમારે નમાજ તો ફરી ભણવી પડશે. દેખાવના ભોજનથી તમારું પેટ નથી ભરાયું તેમ દેખાવની નમાજથી અંદર રહેલો અલ્લાહ પણ પ્રસન્નતાથી તૃપ્ત નથી થયો."

## મનનાં ઝેર

બને નહિ, પણ બન્યું એવું કે સર્પ અને ઉંદર મિત્ર બન્યા. બન્ને વિચારવા લાગ્યા: "ઝેર શું છે?" ચાલો, આપણે એની શોધ કરીએ. બન્ને એક મોટી ઘાસની ગંજીમાં સંતાયા. ખેડૂતે ઘાસ લેવા હાથ નાખ્યો ત્યાં સર્પ ડંખ મારી સંતાઈ ગયો અને ઉંદરે બહાર ડોકિયું કર્યું. ખેડૂત કહે: "આ તો ઉંદર કરડયો!"

બીજે દિવસે ઉંદર કરડી સંતાયો અને સર્પે બહાર મોં કાઢયું. ખેડૂતે ચીસ નાખી: "અરે, સર્પ ડંખ્યો!" અને મૂર્ચ્છિત થઈ ઢળી પડયો.

ઝેર સર્પ કે ઉંદરનું નહિ, મનનું છે. મન માણસને પાપી બનાવે છે અને એ જ માણસને પુણ્યશાળી પણ બનાવે છે. જે મન જીતે તે જગત જીતે.

# શ્રમનું સંગીત

અમેરિકાના પ્રમુખ શ્રી હૂવરનો પુત્ર કૉલેજના સમય સિવાયના સમયમાં કડિયા-કામ કરતો. એ શ્રમનો ચાહક યુવાન એક ઊંચા મકાન પર કામ કરતો હતો, ત્યાં પાલખ તૂટતાં ઉપરથી પડયો અને મૃત્યુ પામ્યો.

આ કરુણ ઘટના બનતાં હૂવરને આઘાત જરૂર લાગ્યો. હૂવરના પ્રશંસકોએ એમને આશ્વાસન અને સાન્તવનના અનેક પત્રો લખ્યા અને તારો કર્યા. એ બધાનો જાહેર ઉત્તર આપતાં હૂવરે ઉચ્ચારેલ શબ્દો કોઈપણ આળસુ પ્રજાને પ્રેરણાદાયી છે:

"મારો પુત્ર મજૂરીનો મહિમા શીખવતો મૃત્યુ પામ્યો તેથી રાષ્ટ્રને તો એકંદરે લાભ જ થયો છે. અમેરિકાનો દરેક યુવાન એના અકાળ મૃત્યુમાંથી સ્વમાન અને સ્વાવલંબનનો પાઠ ભણશે."

જે દેશનો પ્રત્યેક હાથ પોતાના મુખને ખાવા આપવા ઉત્પાદન માટે શ્રમ કરે છે, તે દેશ સમૃદ્ધ ન બને તો બને પણ શું? અમેરિકાની સમૃદ્ધિના મૂળમાં વાતો નહિ, વર્તન છે.

# દૃષ્ટિ નહિ, દર્શન

એક દવાખાનામાં ચાર જન્માંધ એક દિવસ ભેગા થઈ ગયા. તે આવતા તો હતા આંખની દવા કરાવવા, પણ આજે ચર્ચામાં ઊતરી પડયા. એકનો હાથ ડૉકટરની કૅબિનના કાચને અડયો. એ કહે: "મારું અનુમાન કહે છે, આ કાચ લીલો છે." બીજો કહે: "એ ગપ છે. કાચ લાલ છે, એમ મારા ભોમિયાએ જ મને કહ્યું છે." ત્રીજાથી ન રહેવાયું: "અરે, એ તો પીળો છે, મારા બાપે જ તો કહ્યું હતું." ત્યાં ચોથો ઊછળી પડયો: "તમે સૌ મિથ્યા છો. કાચ વાદળી રંગનો છે. મારો પુત્ર વિજ્ઞાનવિદ્યાનો નિષ્ણાત છે. એણે જ મને કહ્યું હતું. તમારે સૌએ એ માન્ય રાખવું જ જોઈએ!"

વાદવિવાદ કરી એ કોલાહલ કરી રહ્યા હતા ત્યાં ડૉકટર આવ્યા. એમને અંધોની આ ચર્ચા પર હસવું આવ્યું. એમણે સમાધાન કર્યું: "પ્રત્યક્ષ દેખ્યા વિના બીજાએ કહેલું માની શું કરવા તમે લડી મરો છો? તમે કહો છો તે બધા જ રંગના કાચ મારી આ કૅબિનમાં છે. સાત બારી છે તેમાં સાતેના રંગ જુદા છે."

# કાચ નહિ, કંચન

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના પરાક્રમોથી કોણ અજાણ્યું છે? એ વિધવા હોવા છતાં પોતાની બુદ્ધિ અને શક્તિથી આખું રાજ્ય ચલાવતી હતી. એની રાજધાનીમાં એક નિઃસ્પૃહી વિદ્વાન કથા કરવા આવ્યા હતા. સભામાં રાણી પણ હાજર હતાં. રાણીનાં કંચનવર્ણાં કાંડાં પર બે સુવર્ણકંકણ શોભી રહ્યાં હતાં. જૂનવાણી કથાકારે જરા હળવી ટીકા કરી: "આજકાલ ધર્મની મર્યાદા તૂટતી જાય છે. જે સ્ત્રીઓ પતિના જીવતાં કાચની બંગડીઓ પહેરતી તે વિધવા થતાં સુવર્ણ-કંકણ પહેરે છે!"

રાણીથી ન રહેવાયું. "પંડિતજી! પતિ જીવતાં સ્ત્રી કાચની બંગડી પહેરે છે તે યાદ રાખવા કે શરીર કાચ જેવું નાજુક અને નશ્વર છે. પણ એ શરીર પડી જતાં આત્મા પરમાત્મરૂપ શાશ્વત સુવર્ણમાં ભળી જાય છે તેનું પ્રતીક આ કંકણ છે. હવે અમે કાચ જેવા નહિ, સુવર્ણરૂપ સ્વામીનું શરણ લીધું છે તેની યાદ એ આ કડાં છે."

આત્મજ્ઞાનપૂર્ણ આ ઉત્તરથી પ્રભાવિત થયેલ વિદ્વાન રાણીને નમી જ પડયો.

# સ્વાર્થ નહિ, સંવેદન

પદ્મલોચન અભ્યાસ પૂરો કરી નોકરીની શોધમાં નીકળી પડયો! ઘણા પ્રયત્નો કરવા છતાં નોકરી ન મળી; પણ એ નિરાશ ન થતાં પ્રયત્ન કર્યે જ ગયો. એક ઠેકાણે નોકરી મળી પણ તે ઝાડુ કાઢવાની અને ઑફિસ સાફસૂફ કરવાની, શ્રમમાં શરમ શી? એ ભાવનાથી એ શ્રમનું ગૌરવ વધારતો આગળ વધવા લાગ્યો. નાનામાં નાના કામને એ કુશળતા-પૂર્વક કરતો અને એને સુંદર બનાવતો. આથી એ શેઠનું પ્રિયપાત્ર બન્યો. એને સારો પગાર મળવા લાગ્યો. પણ એ પોતાના હાથ નીચેના માણસને ભૂલતો નહિ.

દિવાળીએ એના પગારમાં શેઠે પચાસ રૂપિયાનો વધારો કર્યો ત્યારે પદ્મલોચને નમ્રતાથી પ્રણામ કરી કહ્યું: "મને જે આપ પગાર આપો છો તેમાં મારું ગુજરાન ખુશીથી થાય છે. મારા હાથ નીચેના માણસના પગારમાં આ પચાસનો વધારો કરો તો વધારે સારું, કારણ કે એ બિચારાને ટૂંકા પગારમાં પૂરું થતું નથી."

પદ્મલોચનની આ ભાવનાથી પ્રભાવિત થઈ શેઠે એને આખાય વહીવટનો ઉપરી બનાવ્યો અને પેલાના પગારમાં પચાસનો વધારો કર્યો.

# વિસર્જન નહિ, સર્જન

અગ્નિનાં બે સ્વરૂપ છે: જ્વાલા અને જ્યોતિ. વિચારના પણ બે પ્રવાહ છે: નિષેધાત્મક અને વિધેયાત્મક. નિષેધમાં ઈર્ષા છે; વિધેયમાં પ્રેરણા.

ઈર્ષાની જ્વાળા અંત: સ્વત્વને બાળી નાખે છે, જ્યારે પ્રેરણાનો જ્યોતિ તિમિરમાં તેજ પાથરે છે.

અકબરે એક લીટી દોરી અને સભામાં જાહેર કર્યું: "અડયા કે ભૂસ્યા વિના, આ લીટીને કોઈ નાની કરી શકશો?"

સભાજનો વિચારમાં પડયા. ભૂસ્યા વિના લીટી નાની થાય જ કેમ? વિસર્જનની પદ્ધતિથી ટેવાયેલ માનસ કોઈકને નાના બનાવ્યા વિના પોતે મોટો બની શકે છે એ વિચારી જ શકતું નથી. સૌ ચૂપ રહ્યા. ત્યાં બીરબલ ઊભો થયો. અકબરે પૂછ્યું: "નિયમ યાદ છે ને? લીટી ભૂસ્યા વિના નાની થવી જોઈએ." "જી" કહી એણે અકબરને નમન કર્યું અને ચાટિયા પાસે જઈ પેલી લીટીની બાજુમાં જ એક મોટી લીટી દોરી.

સભા સ્તબ્ધ થઈ ગઈ. આ લીટી આગળ અકબરની લીટી વામણી લાગતી હતી. સફળતા બીજાનું વિસર્જન કરવામાં નહિ, પોતાનું સર્જન કરવામાં છે!

# સંસાર શું છે?

માનવના આત્મા અને શરીર વચ્ચે પાપ ઉપર ચર્ચા વધી પડી. ચર્ચાએ ઉગ્ર રૂપ લીધું. શરીર આવેશમાં લાલચોળ થઈ ગયું:

"હું તો માટીનો પિંડ છું, પંચભૂતનો સમૂહ માત્ર છું, મોહ ઉત્પન્ન કરનાર વસ્તુઓને હું સંવેદી પણ ન શકું. મારાથી પાપ થાય જ કેમ?"

આ સાંભળી આત્મા ચૂપ રહે તો એ ચેતન શાનો? એણે પણ એવી જ યુકિતથી ઉત્તર વાળ્યો:

"પાપ કરવાનું સાધન જ મારી પાસે કયાં છે? મારે ઇંદ્રિયો જ કયાં છે? ઇંદ્રિયો વિના પાપ થઇ શકે ખરાં? ઇંદ્રિયો દ્વારા જ તો કામના તૃપ્ત થાય છે. હું અરૂપી પાપી હોઈ શકું જ કેમ?"

ઉગ્ર ચર્ચાને અંતે પ્રસરેલી નિરવ શાન્તિમાં દિવ્ય વાણી સંભળાઈ:

"પાપનું સર્જન દ્વન્દ્વમાંથી થાય છે. પાપમાં તમે બન્ને સરખા ભાગીદાર છો. શરીરમાં આત્મા પ્રવેશે તો જ એમાં વેગ આવે. બન્નેના સહકારે જ પાપ જન્મે. આત્મા વિનાનું શરીર જડ છે. જડના સંગ વગરનો આત્મા પરમાત્મા છે. શરીર અને આત્માનો સંગ એ જ તો સંસાર છે."

# ધર્મ ક્યાં છે?

એક ચીસ સંભળાઈ અને રાજમાર્ગ પર ચાલ્યો જતો લેખક ચમકી ગયો. એક હરિજન બાળાના જમણા પગના અંગૂઠે નાગે ડંખ માર્યો હતો. લેખક ત્યાં દોડી ગયો. વિષ બીજાં અંગોમાં પ્રસરી ન જાય તે માટે એને કંઈ ન જડતાં પોતાની જનોઈને જ તોડી એના પગે બાંધી અને ડંખના ભાગ પર ચપ્પુથી કાપ મૂક્યો. વિષમિશ્રિત કાળું લોહી બહાર ધસી આવ્યું, બાળા બચી ગઈ!

આ વાત સાંભળી બ્રાહ્મણો ચમક્યા; જનોઈ ઢેયડીના પગમાં! જોઈ લો, કળિયુગનો પ્રભાવ! નાત ભેગી થઈ. અપરાધીને ધમકાવવા નેતાએ ગર્જના કરી: "શું છે તારું નામ?" "મહાવીર પ્રસાદ દ્વિવેદી." લેખકે ઉત્તર આપતાં સામો પ્રશ્ન કર્યો: " હું આપને જ પૂછું: 'જનોઈ પવિત્ર કે અપવિત્ર?' " "પવિત્ર." "એક બીજી વાત પૂછું: "પ્રાણની રક્ષા કરવાનું કાર્ય પવિત્ર કે અપવિત્ર?" "એ તો પવિત્ર જ હોય ને?" નેતા જરા ઢીલા પડ્યા.

"પવિત્ર જનોઈથી પ્રાણદાનનું પવિત્ર કાર્ય કર્યું એમાં મેં શો અપરાધ કર્યો?" આ શબ્દો સાંભળી ઘણા દ્રવી ગયા. જૂનવાણીઓની નિદ્રા ઊડી ગઈ. તનથી ભલે નહિ, મનથી સહુ નમી પડ્યા!

# શબ્દ નહિ, સંવેદન

બાર બાર વર્ષ સુધી સમર્થ જ્ઞાનીની નિશ્રામાં વિદ્યાભ્યાસ કરી બન્ને ભાઈઓ ઘેર આવ્યા. સ્વાધ્યાય અને ચિંતનનાં તેજ એમના મુખને અજવાળી રહ્યાં હતાં. એમના આગમનથી ઘર અને ગામમાં આનંદ આનંદ હતો, વાતાવરણમાં ઉમંગ અને ઉલ્લાસ હતો. માત્ર એમના પિતા જ શાંત અને સચિંત હતા. નમતી સાંજે સમય મળતાં એમણે મોટાને પ્રશ્ન કર્યો: "તું ભણ્યો તો ખૂબ પણ પરમાત્મતત્ત્વની તને કંઈ ઝાંખી થઈ? આત્માની અનુભૂતિ થઈ?" મોટાએ તો શાસ્ત્રોમાંથી એક પછી એક શ્લોકો સંભળાવવા જ માંડયા. પિતાએ કહ્યું: "બસ, આ તો તેં પારકું કહ્યું, ગોખેલું બોલી ગયો, આમાં તારી અનુભૂતિ શું? જા, હવે પેલા નાનાને મોકલ."

પિતાએ એને પણ એ જ પ્રશ્ન પૂછ્યો. નાનાએ નમન કરી કહ્યું: "પિતાજી! શું કહું? જે અરૂપી છે તે રૂપી ભાષા વર્ગણાની જાળમાં કેમ બંધાય? જે શાંત છે, તે અશાંત એવા શબ્દોમાં કેમ ઊતરે? એની અનુભૂતિ શબ્દોમાં નહિ, સંવેદનમાં જ સંભવે."

પિતાના મુખ પર મૌનમાંથી જડેલી મુકિતની મધુરતા પ્રસરી.

# સંપત્તિ નહિ, સહાનુભૂતિ

એની ઉંમર સિત્તેર વર્ષની હતી. ટૂંકા પગારમાં જિંદગીભર નોકરી કરતા એ માણસને વૃદ્ધાવસ્થા આવતાં છૂટો કરવામાં આવ્યો હતો. હવે કરવું શું? પત્ની વીસ વર્ષ પહેલાં મરી ગઈ હતી. દીવડા જેવો એકનો એક પુત્ર હતો તે પણ અકસ્માતમાં ખપી ગયો. ભીખ માંગવી એ પણ એક કળા છે, તે આ વૃદ્ધને કયાંથી આવડે? રસ્તાના એક નાકા પર શિર ઝૂકાવી હાથ લાંબો કરી એ રોજ ઊભો રહેતો. પાઈ-પૈસો કરતાં સાંજ સુધીમાં રૂપિયો મળતાં એ રોટલા ભેગો થતો. આજ પણ એ માથું ઝૂકાવી ઊભો હતો ત્યાં એક ગૃહસ્થ આવ્યા. એમનું હૈયું દ્રવી ગયું. કંઈક આપવા એમણે ખીસ્સામાં હાથ નાખ્યો. રે, પાકિટ તો ઘેર રહી ગયું! એ સજ્જને લાગણીપૂર્વક પોતાના બન્ને હાથમાં પેલાનો હાથ ઝાલી કહ્યું: "મિત્ર! આપવું છે પણ કંઈ જ આપી શકતો નથી. ખીસ્સું ખાલી છે."

વૃદ્ધની આંખ અશ્રુથી ભરાઈ ગઈ. "તમે કહો છો, કંઈ જ આપી શકતો નથી, પણ તમે તો મને આજે સૌથી વધારે આપ્યું છે. માણસ એકલા રોટલાનો જ ભૂખ્યો નથી; એને સહાનુભૂતિ અને લાગણીની પણ ભૂખ છે. આજ સુધી સૌએ સૂકો પૈસો આપ્યો છે. તમે તો મને પ્રેમ—હા, પ્રેમભીનો રોટલો આપ્યો છે. . . ."

# મુક્તિનું રહસ્ય

આત્માના અમૃતને પામવા વૈભવ અને વિલાસનો ત્યાગ કરી ભગવાન મહાવીરે મહાભિનિષ્ક્રમણ કર્યું. વનની નીરવતામાં આત્મસાધનામાં મગ્ન થવા જતા હતા ત્યાં ઈન્દ્રે આવી નમન કરી એક નમ્ર વિનંતી કરી:

"પ્રભો, આપનો માર્ગ કઠિન છે, સાડાબાર વર્ષમાં, આપના આ સાધનાના કાળમાં આપને પરેશાન કરવા અનેક ઉપસર્ગો આવનાર છે, તો કષ્ટના એ કાળમાં આપની સેવા કરવા અને એ ઉપસર્ગોને દૂર કરવા મને સંમતિ આપો."

જાણે મૌને જ વાચા લીધી હોય એવા પ્રશાંત મધુર સ્વરે પ્રભુએ કહ્યું: "દેવરાજ, તમારી ભાવનાનું હું સન્માન કરું છું પણ તમે જ કહો, તીર્થંકરો કદી કોઈની સહાયતાથી થયા છે? મદદથી મળે તે મોક્ષ ન હોય, બીજું બધું આપ્યું અપાય પણ મુકિત તો એકાકી સાધનાના સાધકને જ મળે. એ બહારથી લેવાની નથી પણ અંદરથી જ મેળવવાની છે. વિકાસ આવતો નથી, થાય છે."

આત્મશકિતનો આ દિવ્ય ધ્વનિ સાંભળી ઈન્દ્રદેવ અહોભાવથી નમી રહ્યા.

# સુખનું રહસ્ય

વિદર્ભ દેશનો રાજા આનન્દવર્ધન ઘણો જ વ્યથિત રહેતો. સુખનાં સાધનોની તૃષામાં એ સદા અશાંત હતો. તૃષ્ણાએ એના ચિત્તમાં અતૃપ્તિની આગ પેટાવી હતી. એને પ્રસન્ન કરવા ઘણા ઉપાયો કરવામાં આવ્યા; પણ બધા જ વ્યર્થ ગયા.

અંતે એક ચિન્તકે અદ્‌ભુત ઉપાય સૂચવ્યો: "ખરેખર કોઈ સુખી હોય તેનું પહેરણ આપ મંગાવી દો તો હું આપને જરૂર પૂર્ણ સુખની પ્રાપ્તિ કરાવું."

આની તપાસ કરવા રાજાએ પોતાના સેવકોને ચારે દિશાઓમાં રવાના કર્યા. ઘણી તપાસને અંતે જંગલમાં એક આનંદમસ્ત સુખી માણસ મળી આવ્યો. આ ખબરથી રાજા ખુશ થયો. એને થયું, એનું પહેરણ મળતાં હું સાચા અર્થમાં આનન્દવર્ધન કહેવાઈશ. પણ જ્યારે એ સુખી માણસ પાસે એનું પહેરણ માગવામાં આવ્યું ત્યારે આનંદના ફૂવારા છોડતું મસ્ત હાસ્ય કરી એણે કહ્યું: "મેં તો કદી પહેરણ જ પહેર્યું નથી!"

# તનમાં નહિ, મનમાં

પ્રભાતે પ્રકાશનું દ્વાર ખોલ્યું હતું. મુનિ-બેલડી નદી પાર કરી રહી હતી. ત્યાં ચીસ સંભળાઈ. જળ ભરવા આવેલ સુંદરીનો પગ લપસ્યો અને એ પ્રવાહમાં તણાઈ રહી. બન્ને કિનારા નિર્જન હતા. નિરાધાર નારીને કોણ બચાવે? મુનિ? એ તો સ્ત્રીને સ્પર્શે પણ કેમ? પણ એક કરુણાપૂર્ણ મુનિથી આ ન જોવાયું. એણે પ્રવાહમાં ઝંપલાવ્યું. કન્યાને બચાવી લીધી અને એનાં આભારવચન પણ સાંભળ્યા વિના એ પંથે પડયા. માર્ગમાં સાથીએ ઠપકો આપ્યો: "તમે આ શું કર્યું? સ્ત્રીને ખભે ઉપાડી તમે વ્રતભંગ કર્યું. તમારી શી ગતિ થશે?"

પેલા મુનિ તો મૌનમાં કર્તવ્યપંથે ચાલતા જ રહ્યા સાંજ નમી. પ્રતિક્રમણ પૂર્ણ થયું. રૂઢિચુસ્ત મુનિએ ફરી કહ્યું:

"પ્રાયશ્ચિત કર્યું? પાપ સામાન્ય નથી કર્યું. પ્રતિજ્ઞા ભંગ કરી, સુંદરીને ખભે ઉપાડી છે!"

પ્રશાન્ત મુનિએ કહ્યું: "હું તો એને કિનારે જ મૂકી આવ્યો. આપ એને હજુ માથે ઉપાડીને ફરો છો?"

# ઝાંઝવાને ચાહવું

એ શ્રીમંત હોવા છતાં શ્રદ્ધાવાન હતા. સવારના બે કલાક તો પ્રભુસ્મરણમાં કાઢતા જ.

એક યુવાન આવ્યો. "શેઠ! પૈસાની અનિવાર્ય આવશ્યકતા છે એટલે આ માલ મારે કાઢી નાખવો છે. આપ ન લો?"

શેઠ ગરમ થઈ ગયા: "જોતો નથી હું કેટલો કાર્યમગ્ન છું? જા, મહિના પછી આવજે."

"પણ શેઠ! મારે પૈસાની આજે જ જરૂર છે. મારી મા માંદી છે."

"સાંભળતો નથી? કામમાં છું, જા, બહાર જા, નહિ તો ધક્કો . . ."

ત્યાં વચ્ચે જ એણે અર્જ કરી: "એક પ્રશ્ન આપને પૂછું? આપ ભગવાનને ચાહો છો?"

શેઠને આશ્ચર્ય થયું. "કેમ આમ પૂછે છે? ભગવાનને ન ચાહું?"

"ના, તમે ભગવાનમાં નથી માનતા. અને એને ચાહતા પણ નથી. એને ચાહતા હોત તો એના જ જીવંત પ્રતીક સમા માનવને આમ ધૂતકારી ધક્કો મારવા તમે તૈયાર ન થાત. જે દૃશ્યને જ ન માને તે અદૃશ્યને માને છે, તે કેમ મનાય?"

# અભિશાપમાં વરદાન

ત્રણે દેશના મુખ્ય પ્રતિનિધિઓ આજે ભગવાન શંકર સામે હાથ જોડીને ઊભા છે. ભગવાન શંકરની કૃપાનજરની ભિક્ષા માગતા ઊભેલા રશિયા, બ્રિટન અને અમેરિકાના આ પ્રતિનિધિઓની આંખમાં સંહારક સ્વાર્થનો રંગ ઘોળાઈ રહ્યો છે.

નીલકંઠે કહ્યું: "તમારી પ્રતીક્ષા અને પૂજાથી પ્રસન્ન થયો છું, માગવું હોય તે માગી લો."

રશિયાના પ્રતિનિધિએ જ પહેલ કરી:

"સ્મશાનના દેવ, તમે પ્રસન્ન થયા હો તો આ મૂડીવાદી અમેરિકાને નિર્મૂળ કરો. ધનનો ઉન્માદ એમણે જ જગાડયો છે." ત્યાં વચ્ચે જ અમેરિકાના પ્રતિનિધિએ કહ્યું: "અરે! આ સામ્યવાદીઓએ જ બધાને નિર્ધન કર્યા છે. તો હે મહાકાળ! પ્રસન્ન થયા હો તો આપનું સર્વનાશક ત્રીજું લોચન એના ઉપર ખોલો."

ભગવાન શંકરે ત્રીજાને પૂછ્યું: "તમારે શેનું વરદાન જોઈએ છે?"

નમ્રતાથી માથું ઝુકાવતા બ્રિટનના પ્રતિનિધિએ કહ્યું: "આ બે જે માગે છે તે વરદાન તે બન્નેને આપો તો ભગવાન! મારું વરદાન મને મળી ગયું!"

# ભય પાપનો છે

એક રણના પ્રવાસીએ અમીરને ત્યાં રાતવાસો કર્યો. એની પાસે પાંચસો ગીનીની થેલી હતી તે એણે અમીરને સાચવવા આપી. અમીરે ઉઘાડા હાટડામાં મૂકી. બીજે દિવસે પ્રવાસી જવા લાગ્યો ત્યારે અમીરે આગ્રહ કર્યો એટલે એ ત્રણ દિવસ વધુ રોકાયો. પ્રવાસીએ જતાં જતાં માર્ગમાં ગીનીઓ ગણી. સો ગીની ઓછી નીકળતાં ગભરાયેલો એ પાછો આવ્યો.

અમીરે બધા નોકરોને બોલાવ્યા અને કહ્યું: "આની ગયેલી સો ગીનીઓનો ચોર આપણામાં જ છે. એનો જાદુઈ ગધેડો છે, જે ચોર હશે એ પૂછડું પકડતાં પકડાઈ જશે." બધા વારાફરતી પકડીને આવતા ગયા અને અમીર દરેકનો હાથ સૂંઘતો ગયો. એકનો હાથ સૂંઘી અમીરે કહ્યું: "દોસ્ત, ગીની આપી દે." ગભરાયેલા તેણે ગીનીઓ આપી દીધી.

પ્રવાસીએ આશ્ચર્યથી પૂછ્યું: "કમાલ કરી તમે? ચોરને કેમ પકડી શક્યા?" અમીરે કહ્યું: "તમારા ગધેડાના પૂછડે મેં ઘાસલેટ લગાડયું હતું. જે જે અડયા તેના હાથમાં વાસ આવતી હતી. આ જ એક ડરનો માર્યો નહોતો અડયો એટલે એના જ હાથમાં ઘાસલેટની વાસ નહોતી."

# કલાની કદર

એ ધનવાન સ્ત્રીએ પોતાનું ચિત્ર દેશના નામાંકિત કલાકાર પાસે તૈયાર કરાવ્યું. શ્રમ અને સાધનાથી ચિત્રકારે એ સમૃદ્ધ નારીનું ચિત્ર એવું તો તૈયાર કર્યું કે જાણે એ હમણાં જ હસી પડશે. ચિત્ર તૈયાર થતાં એની પરીક્ષા કરવા પોતાના માનીતા કૂતરાને લઈ એ હાજર થઈ.

કલાકારને આમાં કાંઈ ન સમજાયું. આ સ્ત્રી ચિત્રને બદલે વારંવાર કૂતરા સામે કેમ જુએ છે?

સ્ત્રીએ કહ્યું: "ચિત્રમાં કાંઈ ખામી છે, નહિ તો મારો કૂતરો એને વળગી ન પડે! એ તો હું અંધારામાં આવતી હોઉં તો ય ઓળખી પાડે."

કલાકારનો ઉત્સાહ ઓસરી ગયો. આવેલું આંસુ એ મનમાં જ ઉતારી ગયો. કલાની કદર માણસ પશુ પાસે કરાવવા માગે છે!

ચિત્રકાર ચતુર હતો. એણે એને બીજે દિવસે આવવા કહ્યું અને ડુક્કરની ચરબી એણે પેલા ચિત્રમાં સ્ત્રીના મોં ઉપર લગાવી. બીજે દિવસે કૂતરો આવતાં જ એનું મોં ચાટવા લાગી પડયો.

સ્ત્રી કહે: "હવે બરાબર છે. તમે ચિત્રમાં જીવંતતા લાવી શકયા છો."

## બ્રહ્મ કે ભ્રમ?

સંધ્યા નમી ગઈ હતી. હવે વંચાય તેમ નહોતું એટલે ગુંરુએ પોથી બાંધી શિષ્યને આપતાં કહ્યું: "અંદરના ખંડમાં આ મૂકી આવ." શિષ્ય ભડકીને પાછો આવ્યો: "ગુરુદેવ! ખંડમાં સર્પ પડયો છે." "તો લે, આ જાંગુલિમંત્ર. આના પ્રભાવથી એ ચાલ્યો જશે."

શિષ્ય પાછો આવ્યો: "ગુરુદેવ! મંત્ર ભણ્યો પણ સર્પ ત્યાં જ છે." "તેં શ્રદ્ધાથી નહિ ભણ્યો હોય."

શિષ્ય પાછો આવ્યો: "ગુરુદેવ! વિશ્વાસ—પૂરા વિશ્વાસથી જાપ કર્યો પણ સર્પ તો પોતાના સ્થાનથી જરીય ખસતો નથી!"

"તો વત્સ! હવે મંત્ર નહિ, દીવો લઈને જા." શિષ્યે દીપકનાં પ્રકાશમાં જોયું તો એ તો દોરડું જ હતું!

ગુરુએ ગંભીરતાને મધુર સ્મિતથી રંગતાં કહ્યું: "જયાં જે નથી ત્યાં તે છે એવી ભ્રમજાળ પ્રસરી હોય ત્યાં વસ્તુને પ્રત્યક્ષ કરવા વિધિ વિધાન નહિ, જ્ઞાનદીપકનો પ્રકાશ જ વધુ ઉપયોગી થાય. ભ્રમ અને બ્રહ્મની વિવેકદૃષ્ટિ વિધિમંત્રોથી નહિ, પણ જ્ઞાનથી જ ખીલે છે."

# ક્રૂરતાની પરાકાષ્ઠા

સિંહનું બચ્ચું ગુફામાંથી બહાર આવ્યું ત્યાં એણે એક મોટું લશ્કર જતું જોયું. બંદૂક અને ભાલાઓથી સજ્જ થયેલા આ માણસોને જોઈ એ ગભરાઈ ગયું. એ ધ્રૂજતું ધ્રૂજતું અંદર આવ્યું. એની મા આરામ કરતી હતી. એની હૂંફમાં એ સંતાવા લાગ્યું. માએ પૂછ્યું: "બેટા, તું સિંહબાળ થઈ ધ્રૂજે! તું તો વનરાજ છો. તારે કોઈથી ડરવાનું હોય?"

"પણ મા, બહાર તો જો."

સિંહણે ગુફાના દ્વાર તરફ જોયું તો લશ્કર કૂચ કરી રહ્યું હતું. "રે, એ તો એમના જાતભાઈને મારવા જઈ રહ્યા છે! વિશ્વમાં માણસ જ એક એવું ક્રૂર પ્રાણી છે જે પોતાની જ જાતને, દેશ, ધર્મ, ભાષા અને પ્રાંતને નામે આમ કતલ કરતું આવ્યું છે!"

# કુદરતનો જવાબ

કાનો કુંભાર મસ્ત હતો. એની આજીવિકાનું સાધન એનો એક ગધેડો હતો. એને મજૂરીએ લઈ જાય, બે રૂપિયા મળે એટલે એ મસ્ત. સંતોષમાં સુખી. એની સામે જ એક ઘાંચી રહે. એ જેવો લોભિયો એવો જ ઈર્ષાળુ. એને આ મસ્ત કુંભારની ઈર્ષા બાળ્યા જ કરે. એક દિવસ ઘાંચીએ નમાજમાં પ્રાર્થના કરી: "ખુદા! કુંભારના આ ગધેડાને ઉપાડી લે તો જ એની અકડાઈ ઓછી થાય." બીજે જ દિવસે એની પ્રાર્થના ફળી! ઘાંચીનો જ બળદ મરી ગયો!

ઘાંચીએ ખુદાની અજ્ઞાનતા પર અફસોસ કરતાં પોતાની પત્નીને કહ્યું: "ખુદા આટલા દિવસથી ખુદાઈ કરે છે પણ ગધેડા કે બળદને એ પારખી શકતો નથી. મેં ગધેડા માટે કહ્યું ત્યારે એણે બળદ માર્યો."

# વૃત્તિનો બોજ

એ ભિખારી હતો પણ સંતોષ સિવાયના બધા જ ગુણો એનામાં હતા. મોટા ભાગે સારા વિચારોમાં અને કંઈક કરી જવાના સ્વપ્નમાં એ દિવસો વિતાવર્તો. માત્ર લોભ આવતાં એ અટકી જતો.

દાનની દેવી એના પર પ્રસન્ન થઈ. આકાશવાણી સંભળાઈ: "હું તારા પર પ્રસન્ન છું, સોનામહોરો વર્ષાવું છું. લે, ઝોળી પહોળી કર. હા, પણ ધ્યાન રાખજે, એ જમીન પર પડશે તો કાંકરા થઈ જશે." એણે એની જૂની ઝોળી પ્રસારી. સોનામહોરો વર્ષી રહી. એ ભરાતી ગઈ પણ એ બસ ન કહી શક્યો. ભાર વધતો જ ગયો પણ લોભ ઓછો ન થયો. દેવી કહે: "હજુ કેટલી?" ભિક્ષુક કહે: "વાંધો નહિ, આવવા દો."

ભિક્ષુક લોભમાં અંધ હતો, જૂની ઝોળી વજનથી ફાટી અને જમીનને અડતાં જ સોનામહોર કાંકરા થઈ પ્રસરી. ઉપર જોયું તો દેવી ક્યારની ય અદૃશ્ય થઈ ગઈ હતી.

# જિંદગીનો વીમો

આ યુવાન આજથી ત્રણેક વર્ષ પહેલાં મને મળેલો. ત્યારે એ બી.એ.ના છેલ્લા વર્ષમાં હતો. ગઈ કાલે એ ફરી મને મળ્યો ત્યારે વીમો ઉતરાવીને પાછો ફરતો હતો. મેં સહજ પૂછ્યું: "ઉંમર તો નાની છે. અત્યારથી વીમો શું કરવા ઉતરાવ્યો?"

એ કહે: "જિંદગીનો શો ભરોસો? કાચ જેવી આ કાયા, કંઈક થાય તો આ વીમો મારી પત્નીને કામ તો લાગે."

મારાથી પુછાઈ ગયું: "તો સાથે પ્રભુનું નિત્યસ્મરણ, દાન અને સામાયિક પણ કરતા જ હશો?"

મારો પ્રશ્ન સાંભળી એ જરાક ઊંચા સાદે બોલ્યો: "આ કેવી વાત? આ ઉંમર તે કંઈ આવું બધું કરવા માટે છે? એ માટે હજુ ઘણાં ય વર્ષો આગળ પડયાં છે."

આ ઉત્તરથી મને હસવું તો આવ્યું પણ ચૂપ રહ્યો.

## પ્રેમ પરાગ

મને અહીં મોકલતાં પહેલાં તેં કહ્યું હતું: "માગી લે. પ્રેમ જોઈએ કે સૌન્દર્ય? એક મળશે, બે નહિ." મેં મારા અંતરના આદેશ પ્રમાણે પ્રેમ માગ્યો. તે વેળા તેં સ્મિત કર્યું અને હું દ્વિધામાં પડયો: રખે મારી માગણી મૂર્ખાઈભરી ઠરે.

પણ હવે આજ હું મારી જાતને ધન્યવાદથી વધાવું છું, કારણ કે મેં સહજભાવે માગ્યું હતું તે જ સત્ય નીવડયું. અત્યારે મારા દ્વારે સૌન્દર્ય આંટા મારી રહ્યું છે. હું દ્વાર ખોલવા ઊભો થયો ત્યાં પ્રેમે કહ્યું: "જરા ધીરો થા, દ્વાર ખોલવાની કંઈ જરૂર નથી. એ તો મારું જ બાહ્ય અંગ છે. હું અંદર હોઉં છું ત્યારે એ દ્વાર પર ઊભું રહે છે."

ઓહ! હવે સમજાયું. સૌન્દર્ય એ તો પ્રેમપુષ્પનો જ પરાગ છે. પ્રેમની નજર જ વસ્તુને વિશિષ્ટ અને સૌન્દર્યમય બનાવે છે. સૌન્દર્ય પ્રેમનો જ દ્વારપાળ છે.

# દિલનું દાન

રેલસંકટ ને અતિવૃષ્ટિના સમયનો આ પ્રસંગ છે. ગામના લોકો એક ભાઈને ત્યાં ગયા અને એને ફાળામાં સો રૂપિયા ભરવા વિનવ્યો પણ એણે એક જ વાત પકડી: મારે તો એકાવન જ ભરવા છે. સાંજે સહુ ભેગા થયા ત્યારે વાતો ચાલી. "આ માણસ કેવો કંજૂસ! આટલો પૈસાદાર હોવા છતાં પૂરા સો પણ ન આપ્યા!" એની ટીકા, નિંદા ચાલી.

ત્યાં એક વૃદ્ધે પ્રકાશ પાથર્યો: "ભાઈઓ! માણસને પૂરેપૂરો સમજ્યા વિના ટીકા ન કરો. એને દાનનો સોદો નામ મેળવવા નહોતો કરવો, બાકી સવારે છાપામાં જેની વાત આવી છે તે અનામી રહીને રૂપિયા એકત્રીસ હજાર દેનાર તે આ ભાઈ પોતે જ."

સાચું દાન અંતરના આનંદ માટે છે; એને નામની ઝંખના નથી હોતી. પૈસા આપી જેમ વસ્તુ ખરીદીએ તેમ દાન આપી પ્રતિષ્ઠા, કીર્તિ કે નામના મેળવીએ એ કાંઈ દાન નથી. દાનમાં વ્યાપારી બુદ્ધિ ભળતાં, દૂધમાં તેજાબ મળતાં જે હાલત દૂધની થાય છે તેવી જ દાનની થાય.

## ગંદકી એ શરમ

સ્વિટ્ઝરલેન્ડની આ વાત છે. જીનીવાના રાજમાર્ગ ઉપર થઈને અમે ચાલ્યા જતા હતા. મારા હાથમાં ગળાની ટીકડીનું પડીકું હતું. અંદરની ટીકડી મેં લઈ લીધી અને અહીંની ટેવ પ્રમાણે કાગળિયું રાજમાર્ગની બાજુમાં ફેંક્યું.

ત્યાં તો મારા આશ્ચર્ય વચ્ચે એક યુવતી સામેના ફૂટપાથ ઉપરથી આવી, નીચી વળી અને કાગળિયું ઉપાડી લીધું! પોતાના ઓવરકોટના ખિસ્સામાં મૂકી દીધું અને મારી સામે એક સ્મિત કર્યું. એ સ્મિતમાં શું હતું? એક ઉપાલંભ. રસ્તા પર આમ કાગળ ફેંકવા બદલ મારું મસ્તક શરમથી ઝૂકી ગયું.

આગળ ચાલતાં હું વિચારી જ રહ્યો. શુદ્ધિ અને સ્વચ્છતા માટે કેટલી કાળજી! મનઃશુદ્ધિ લાવવા માટે તનશુદ્ધિ અને વાતાવરણની શુદ્ધિ પણ કેટલી અનિવાર્ય છે! જ્યાં પેસતાં જ દુર્ગંધ આવતી હોય એવાં સ્થળોમાં આધ્યાત્મિક સુગંધની વાત કરવી એ વિરોધાભાસ નથી?

## શત્રુ ક્યાં છે?

ભય એ હિંસાની જ પ્રતિક્રિયા છે. માણસના મનમાં પડેલી હિંસા અને ક્રૂરતા બહાર ભય જન્માવે છે. જેટલા પ્રમાણમાં હિંસા વધારે એટલા પ્રમાણમાં ભય પણ વધારે. આ ભયની અવસ્થામાં માણસ સ્વસ્થ થઈ વિચારી શકતો નથી અને વિવેકપૂર્વક જોઈ પણ શકતો નથી, કારણ કે તે વેળા એનું ચિત્ત ભયના વંટોળિયે ચઢેલું હોય છે.

એક ગ્રામીણ, હરીફનું ખૂન કરવા નીકળ્યો. વજ્ર જેવું એનું મજબૂત શરીર હતું, અને એના હાથમાં મોટું ભાલું હતું. અંધારાનો આશરો લઈ એના પ્રતિસ્પર્ધીના ખંડમાં એ પેઠો. પણ આ શું? સામે પણ એક ભાલાધારી એની સામે તાકીને જ ઊભો છે! ભયથી એ છળી ગયો. હવે? ન તો આગળ જવાય, ન પાછા ભાગી જવાય. આવેશમાં એણે ભાલો સામે દેખાતા માણસની છાતીમાં જોરથી ખોસી દીધો, અને મોટા ધક્કા અને ધડાકા સાથે સામે રહેલ વિશાળ કાચના ચૂરેચૂરા! ચોકિયાતો દોડી આવ્યા. પકડાયેલો ચોર વિચારી રહ્યો: "શું હું જ કાચમાં આવો વિકરાળ લાગતો હતો?"

ભયમાં માણસ સામે રહેલા પોતાના જ પ્રતિબિમ્બને પોતે પણ ઓળખી ન શકે!

# ભૂષણ કે દૂષણ ?

જ્ઞાનીની વાણી ચિન્તનથી સભર હોય છે. એ જેમ તેમ વ્યર્થ વાક્યો ન ઉચ્ચારે. એની નાની-શી વાતમાં પણ જીવનનું દર્શન હોય છે.

એક જિજ્ઞાસુએ જ્ઞાનીને નમન કરી પૂછ્યું: "આ દેહમાં ઉત્તમ અંગ ક્યાં?"

મધુર ઉત્તર મળ્યો: "અંતઃકરણ અને જિહ્વા. કરુણાથી પૂર્ણ અંતઃકરણ અને સત્યના નિવાસવાળી જિહ્વા એ દેહમાં ઉત્તમ અંગ છે."

"તો પછી, આ દેહમાં અધમ અંગ ક્યાં?" જિજ્ઞાસુએ ફરી પ્રશ્ન કર્યો.

એ જ સહજતાથી જ્ઞાનીએ ઉત્તર વાળ્યો: "અંતઃકરણ અને જિહ્વા."

"હેં? હમણાં તમે જેને ઉત્તમ કહ્યાં તે જ અધમ?" જિજ્ઞાસુએ આશ્ચર્યપૂર્વક પ્રશ્ન કર્યો.

"હા, જે અંતઃકરણમાં ક્રૂરતા વાસ કરે છે અને જે જીભ પર અસત્યનો નિવાસ છે તે અધમ છે. ક્રૂરતા અને અસત્યને કારણે ભૂષણ પણ દૂષણ બને."

# ધૂળ પર ધૂળ

શ્રમ અને સંતોષથી જીવન જીવતાં આ નરનારીને મન સંસાર એ ભોગનો અખાડો નહિ પણ ત્યાગનો બગીચો હતો.

નરે કર્મ અને ધર્મનો મર્મ સમજાવી નારીને નારાયણી બનાવી હતી. નારીએ ભકિત અને સેવાનો પાઠ પઢાવી નરને નારાયણ બનાવ્યો હતો.

એકદા બંને જણ પ્રવાસે જઈ રહ્યાં હતાં. નરને માર્ગમાં સોનાનો હાર જડયો. એને મનમાં થયું: રખે આને જોઈ સ્રીનું મન ચળે! એટલે એણે એના પર ધૂળ ઢાંકી. પાછળ ચાલી આવતી નારીની ચકોર આંખ આ જોઈ ગઈ. આગળ જતાં વિસામો આવ્યો ત્યાં સ્રીએ પૂછ્યું: "માર્ગમાં શું કરતા હતા?"

"સુવર્ણ જોઈ રખે કોઈનું મન ચળે એમ લાગતાં એને ધૂળથી ઢાંક્યું."

નિ:સ્પૃહ નારીએ કહ્યું: "પરધન હજુ તમને સુવર્ણ લાગે છે? એમ કહોને કે ધૂળના ઉપર ધૂળ નાખતો હતો!"

# શુભેચ્છાનું સ્મિત

એક ઠેકાણે ધખધખતા પાણીમાં ગુલાબનાં ફૂલોને ઉકાળી એનું અત્તાર અને ગુલાબજળ થઈ રહ્યું હતું, તો બીજે ઠેકાણે ગુલકંદ માટે તાજાં ફૂલો વિખાઈ રહ્યાં હતાં. આ જોઈ એક દ્રવિત હૃદયે ગુલાબને જ પૂછ્યું: "જેની પાંખડીઓમાં નયનમનોહર રંગો, સુકુમારતા અને સૌન્દર્ય છે અને પરાગમાં મનને ભરે એવો પમરાટ છે એવાં સૃષ્ટિનાં નિર્મળ સ્મિતસમાં ફૂલો, તમારી આ હાલત!".

ફૂલો વેદનામાં પણ હસી પડયાં, "હા, અમારી આ હાલત છે. અમારી નહિ, અમારા જેવા સહુ શુભેચ્છકોની આ હાલત છે. જે ખીલે છે, ઉપર આવે છે અને શુભેચ્છાનું સ્મિત વેરે છે એને માણસો જોઈ નથી શકતા! હા, વિપત્તિથી રડતા કે વેદનાથી પીડાતા કંગાલને જોઈ માણસ દયાનો હાથ કદીક લંબાવે છે, પણ સ્મિતથી ઉદય પામતાને તો એ ઈર્ષાથી કચડી જ નાખે છે!

"પણ માનવ એ ભૂલી જાય છે કે એ ભલે અમને પીંખે કે ઉકાળે પણ અમે મરતાં નથી, સુવાસ અને કુમાશરૂપે જીવીએ જ છીએ. પહેલાં અમારી શુભેચ્છાનું સ્મિત ફૂલોમાં હતું, હવે સુવાસમાં!"

# શ્રદ્ધાનો સત્કાર

લંડનની પાર્લમિન્ટમાં ફૉક્સ મધ્યમવર્ગનો પ્રતિનિધિ હતો. એ સામાન્ય વર્ગનો હોવા છતાં સમર્થ વક્તા હતો. ભથ્થાના આવેલા રૂપિયા એ પહેલી તારીખે પોતાના લેણદારોને ચૂકવતો. એક વેપારીએ આવી કહ્યું: "મિ. ફૉક્સ! મારે બેન્કમાં ભરવા છે એટલે મારું લેણું આજે જ આપો."

"ભાઈ! તને રૂપિયા એક મહિના પછી આપીશ. આ તો હું સેરિડોનને આપીશ. એણે કાંઈ પણ લખાણ લખાવ્યા વિના મારા વિશ્વાસ પર મને રૂપિયા આપ્યા છે. મને ક્યાંક અકસ્માત થાય તો એ સજ્જન તો રખડી જ પડે ને?"

ફૉક્સની આ જીવનનિષ્ઠાનો પ્રભાવ વેપારી પર પડ્યો. કરારપત્રના ટૂકડા કરતાં વેપારીએ કહ્યું: "તો મારે પણ આ લખાણને શું કરવું છે? આપની અનુકૂળતાએ હવે આપ જ આપી જજો."

ફૉક્સ આ વિશ્વાસથી અંજાઈ ગયો: "લો, આ રૂપિયા. આ તમે જ લઈ જાઓ. એક તો તમારું દેવું જૂનું છે, બીજું, તમારે બેન્કમાં ભરવા છે, ત્રીજું, તમે મારામાં શ્રદ્ધા મૂકી લખાણને ફાડી ફેંક્યું છે. સેરિડોનને હું આવતા મહિને આપીશ. ચૈતન્યની શ્રદ્ધાનો સત્કાર શું સેરિડોન નહિં કરે?"

## કોણ તારે?

ગુરુ બનવામાં મોટું જોખમ એ છે કે એ બીજાને જગાડવાં જતાં પોતે ઊંઘી જાય છે. એ માનતો થઈ જાય છે કે સહુને તારવાનો ઈજારો એનો જ છે, અને આ ધૂનમાં પોતાના આન્તરિક નિરીક્ષણ માંટે એ સમય કાંઢી જ શકતો નથી. એક માણસ વંદન ન કરે તો એને ક્રોધ આવી જાય. એ વિચારતો નથી કે ક્રોધ ન કરવાનો તો હું આખો દિવસ ઉપદેશ દેતો ફરું છું, અને કોઈએ વંદન ન કર્યું તેમાં મેં પોતે જ ક્રોધ કર્યો!

એક ગુરુએ પ્રવચનમાં કહ્યું: "ભગવાનના નામથી સંસારસાગર તરી જવાય છે!" એક નિર્દોષ ભરવાડે આ વાતને શ્રદ્ધાથી પકડી. એક દિવસ એ આવતો હતો અને માર્ગમાં નદીમાં પૂર આવ્યું. એને થયું, ભગવાનના નામથી સાગર તરાય તો સરિતા કેમ ન તરાય? એ તો ભગવાનનું નામ લઈ નદી પાર કરી ગયો.

પેલા ગુરુએ એને પૂછ્યું: "નદીમાં તો પૂર છે, તું કેવી રીતે આવ્યો?" સરળ ભરવાડે કહ્યું: "ભગવાનના નામે." ગુરુએ આ વાત હસી કાઢી, "ભલા, નામથી તે કંઈ નદી તરાય?"

કારણ એ કે એ બીજાને શ્રદ્ધાળુ બનાવવાની ધૂનમાં પોતે કયારનો ય શ્રદ્ધા વગરનો બની ગયો હતો.

# પ્રેમનું પ્રભુત્વ

પ્રજાપાલ-રાજા મુસાફરના પ્રચ્છન્ન વેશમાં બીજે ગામ જઈ રહ્યો હતો. માર્ગમાં એક લંગડાએ વિનંતી કરી: "અપંગ છું, સામે ગામ જવું છે, થાકી ગયો છું. આપના ઘોડા પર મને થોડે સુધી ન બેસાડો?" એ કરુણાળુ હતા. પોતાના ઘોડા પર પાછળ બેસાડયો. નવા ગામમાં એને ઉતાર્યો. ત્યાં એણે બૂમાબૂમ કરી: "મને અપંગ જાણી આ મારો ઘોડો ઉઠાવી જાય છે!" લોકો ભેગા થયા. બન્નેને ન્યાયાલયમાં લઈ ગયા. ન્યાયાધીશે આજ્ઞા કરી: "મુસાફર! ઘોડાને પેલા દૂરના ખીલે બાંધી આવો." પછી અપંગને કહ્યું: "તમે એને ત્યાંથી છોડી લાવો."

ન્યાયાધીશે કહ્યું: "મુસાફર! ઘોડો તમારો છે, લઈ જાઓ." આ ન્યાય-પદ્ધતિથી રાજાને આશ્ચર્ય થયું. એણે પ્રગટ થઈ પૂછ્યું: "તમે કેમ જાણ્યું કે આ ઘોડો મારો છે?"

નમન કરી ન્યાયાધીશે કહ્યું: "આપ બાંધવા ગયા ત્યારે ઘોડો પ્રેમથી આકર્ષાઈ આપની પાછળ આવતો હતો, પણ આ છોડી લાવ્યો ત્યારે, ઘોડો એની પાછળ ઘસડાતો હતો."

પ્રેમ સ્વામી છે, ભય અપરાધી.
પ્રેમ આકર્ષણ છે, ભય પ્રકંપ છે.

## બારણે કોણ છે?

પાવર હાઉસની નજીક જ એક ગરીબ માણસનું ઝૂંપડું હતું. રાત્રિનો સમય હતો, ઝૂંપડામાં નાનો-શો દિવેલનો દીવો બળી રહ્યો હતો. જિજ્ઞાસુ પથિક ત્યાં આવી ચઢયો. પૂછયું: "ભાઈ, તારી બાજુમાં જ વીજળીઘર છે છતાં તારે ત્યાં દિવેલનો દીવો?" હસીને વૃદ્ધે જવાબ આપ્યો: "ભાઈ, મેં પાવર હાઉસનું જોડાણ (connection) લીધું નથી."

દુ:ખી માનવી પોકારે છે: "હે પ્રભુ! ઓ ગુરુદેવ! મારા ઉપર કૃપા કરો, આપની કૃપાદૃષ્ટિથી હું વંચિત રહી ગયો!"

પાગલ! શું તારા ઉપર પ્રકૃતિની કૃપા ઓછી છે? જીવનની અનિવાર્ય જરૂરિયાતો—પવન, પ્રકાશ અને પાણી વિના-મૂલ્યે તને કોણ આપે છે? પવન તો વાઈ રહ્યો છે; નાવિક, તું તારો શઢ તો ખુલ્લો મૂક, પછી જો પ્રવાસની મજા! પ્રકાશ તો બારીના બારણે જ છે; તું તારા મકાનની બારી ઉપરના પડદા તો ખસેડ, પછી જો પ્રકાશથી તારું ઘર અને જીવન કેવાં ભરાઈ જાય છે!

# અહંકાર ઓલવાયો

એક દીવાલમાં એક અગરબત્તી જલી રહી હતી. તેની બાજુના ગોખલામાં એક મીણબત્તી સળગી રહી હતી. બન્ને પોતાને બાળી જગતને સંદેશ આપી રહ્યાં હતાં: અગરબત્તી પોતાની દિવ્ય સુગંધથી વાતાવરણને સૌમ્ય બનાવતી હતી અને મીણબત્તી પોતાના મંદ પ્રકાશથી વાતાવરણને સુવર્ણરંગી બનાવતી હતી.

એક દિવસની વાત છે. કોઈ નજીવી વાતમાં બન્ને વચ્ચે ઝઘડો થયો. મીણબત્તીએ અગરબત્તીને કહ્યું: "તારા શરીર સામે તો જો! કેવી દુર્બળ છે તું! અને તારું રૂપ તો જો, કોઈ સામું પણ ન જુએ!"

અગરબત્તી ચૂપ રહી.

અગરબત્તીના મધુર મૌનથી મીણબત્તી વધુ કડકાઈથી બોલી, "મેં શું કહ્યું, સાંભળતી નથી? કેમ જવાબ નથી આપતી? તારામાં એટલી આવડત ક્યાં છે કે તું મને જવાબ આપે?"

આ વખતે પણ અગરબત્તી ચૂપ રહી.

મીણબત્તી હસીને પોતાની બડાઈ હાંકતી હતી, "મારી સામે જો, હું કેવી રૂપાળી છું? મારા પ્રકાશથી ઓરડો કેવો સોહામણો લાગે છે?" મીણબત્તીનો અહંકાર બોલી રહ્યો હતો, ત્યાં હવાના એક ઝપાટે મીણબત્તી ઓલવાઈ ગઈ!

પરંતુ અગરબત્તીમાં તો એક જ સર્વશ્રેષ્ઠ વસ્તુ હતી: 'સંતોષની સુરભિ.'

# ભાગ નહિ, ભાવ

થોડા વર્ષ પહેલાંની જ આ વાત છે નવદ્વીપમાં રામમણિ અને રઘુમણિ એ બન્ને ભાઈઓ મહાપંડિતો તરીકે જાણીતા હતા. એમને જેમ વિદ્યા વરી હતી તેમ લક્ષ્મી પણ મળી હતી. બન્ને વચ્ચે પ્રેમ એવો કે જાણે પુષ્પ અને પરાગ. એક દિવસ મોટાભાઈ રામમણિએ જ કહ્યું: "રઘુ! હવે આપણે આ મિલકત વહેંચી નાખીએ."

"મોટાભાઈ! તમે આ શું બોલ્યા? મૂર્ખાઓ તો જુદા થાય પણ આપણે પંડિતો પણ જુદા થઈશું?"

રામે પ્રેમથી કહ્યું: "આપણે જુદા થોડા જ થઈએ છીએ? આપણને કોણ જુદા પાડી શકે તેમ છે? આ તો મિલકત છોકરાઓને વહેંચી દઈએ જેથી આ તુચ્છ વસ્તુ માટે એ લોકો ભવિષ્યમાં લડીને વેરઝેર ન કરે."

રામને ત્રણ પુત્ર હતા. રઘુને એક જ. રામે મિલકતના બે ભાગ પાડયા. એક ભાગમાં પોતાના ત્રણ પુત્ર અને બીજામાં નાના ભાઈનો એક પુત્ર. આ ભાગથી ખુશી થવાને બદલે નારાજ થઈ રઘુએ કહ્યું: "ભાઈ, તમે આ શું કર્યું? આપણે જુદા થતા હોત તો બે ભાગ પડત, પણ આપણે તો પુત્રોને વહેંચણી કરી આપીએ છીએ. માટે ચાર સરખા ભાગ પાડો અને પુત્રોને સરખા વહેંચો તો જ મને સુખ થાય." એમ કહી, રઘુએ પોતે જ ચાર ભાગ વહેંચી આપ્યા!

# ભાષાની ભવ્યતા

સિદ્ધરાજ જયસિંહના શૈશવની આ વાત છે. સિદ્ધરાજના પિતા કર્ણદેવ તો એને ત્રણ વર્ષનો મૂકી ગુજરી ગયા હતા. અનુશાસન એની મા મીનળદેવી ચલાવતાં હતાં. સિદ્ધરાજ નાનો હતો પણ એની પ્રતિભાની ખ્યાતિ દૂર દૂર દિલ્હી સુધી પહોંચી હતી. દિલ્હીના સમ્રાટે મીનળદેવીને કહેવડાવ્યું: "તમારો પુત્ર મોટો થયો છે. એને દિલ્હીના દરબારમાં હાજરી આપવા મોકલો." મીનળદેવીને ચિન્તા થઈ. એણે એને ઘણી ઘણી શિખામણ આપવા માંડી ત્યારે સિદ્ધરાજે પૂછ્યું: "તમે શિખવાડો છો તે સિવાયનું કંઈક ત્યાં આવી પડે તો તમને પૂછવા કેમ આવું તે મને કહો!" આ માર્મિક ઉત્તરથી મા પ્રસન્ન થઈ.

દિલ્હી દરબારમાં વિનય અને સભ્યતાથી પ્રવેશ કરી સિદ્ધરાજે સૌનાં મન જીતી લીધાં. એની પરીક્ષા કરવા બાદશાહે એના બન્ને હાથ મજબૂત પકડીને પૂછ્યું: "બોલ, હવે તું શું કરીશ?"

હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યા વિના જ સ્મિત કરી સિદ્ધરાજે કહ્યું: "આ દેશમાં વર કન્યાને એક હાથથી પકડે છે તો એને જિંદગીભર નભાવે છે, એના યોગક્ષેમની જવાબદારી લે છે; આપે તો મને બન્ને હાથથી પકડ્યો છે, હવે મારે ચિન્તા શી? આજથી હું નિશ્ચિત થયો!"

આથી પ્રસન્ન થયેલા બાદશાહે એનું સન્માન કરી એને વિદાય આપી.

# ઉચ્ચાર

શબ્દોનું રટણ એટલું બધું વધ્યું છે કે એના અર્થના ઊંડાણમાં ઊતરવાનો તો અવકાશ જ મળતો નથી. ઉચ્ચાર અને આચાર વચ્ચે સમજણનું સંગીત હોત તો આ જીવન જ સ્વર્ગ બની જાત. પછી બીજા સ્વર્ગની તૃષ્ણામાં દોડવું ન પડત.

રામજીને ત્યાં મહેમાન આવ્યા. પિંજરામાં બાંધેલો પોપટ બોલી ઊઠયો: 'મુક્તિ! મુક્તિ! મુક્તિ!'

મહેમાન ઘરમાં પેઠા પણ ચેન ન પડે. ભૂતકાળ યાદ આવ્યો. એ પણ સળિયાઓની પાછળ હતા ત્યારે એમનાં પત્નીનું મૃત્યુ થયેલું. એ કડવા દિવસની વિષાદમય મુક્તિની ઝંખના બંદીવાન સિવાય કોણ સમજે?

રાત પડી, સહુ સૂઈ ગયા પણ આ મહેમાનની આંખ ન મળી. ધીરે પગલે પાંજરા પાસે ગયા, બારણું ખોલ્યું પણ પોપટ તો પાછા પગલે પાંજરામાં લપાવા લાગ્યો. હાથ અંદર નાખ્યો, પોપટને પકડીને આકાશમાં ઉડાડી દીધો. હૈયું હળવું થયું. શાંતિથી સૂઈ ગયા.

પોપટની મુક્તિથી શેઠ નાખુશ થશે એ બીકે મહેમાન વહેલી સવારે જવા તૈયાર થયા. પ્રાંગણમાં પગ મૂકતાં જ જોયું તો પોપટ પિંજરામાં ગોઠવાઈને શાન્તિથી બેઠો હતો. 'મુક્તિ'ના જાપની ક્રિયા મધુર ધ્વનિથી હજુ એ કરે જ જતો હતો!

# આચાર

એક સાધુનું પ્રવચન સાંભળવા એક શેઠ દરરોજ જતા. શેઠને ત્યાં પાળેલા પ્રાજ્ઞ પોપટને વિચાર આવ્યો: "મહારાજ બધાને મુક્તિના ઉપાય બતાવે છે તો હું પણ મુક્ત કેમ ન થાઉં?" એણે શેઠને વિનવ્યા: "પેલા મસ્ત સાધુને પૂછજો કે મુક્તિ કેમ પમાય?"

શેઠને નવાઈ લાગી. 'આવો વિચાર મને ય નથી આવતો તો પોપટને કેમ આવે છે?'

પ્રવચન પૂરું થયું એટલે શેઠે સાધુને પોપટનો પ્રશ્ન પૂછયો. મહારાજે પૂછયું: "આ પ્રશ્ન કોનો છે? તમારો તો નથી જ લાગતો."

શેઠે કહ્યું: "મહારાજ! આ પ્રશ્ન મારા પોપટનો છે."

આ સાંભળતાં જ મહારાજ જયાં હતા ત્યાં જ મૂર્છા ખાઈ ઢળી પડયા. શેઠ તો ગભરાઈ ગયા, પંખો નાખ્યો. મહારાજ જરા ભાનમાં આવતાં શેઠ ચાલતા થયા.

ઘેર ગયા તો પોપટ રાહ જ જોતો હતો. શેઠે કહ્યું: "તારો પ્રશ્ન અપશુકનિયાળ છે. પ્રશ્ન પૂછતાં જ સાધુ બેભાન થયા."

બીજે દિવસે સવારે પોપટ તો પાંજરામાં મડદું થઈને પડયો છે. ન ખાધું, ન પીધું, ન બોલ્યો. શેઠને થયું, પોપટ મરી ગયો! બારણું ખોલ્યું અને પોપટને બહાર ફેંકયો.

ગગનમાં ઊડતા પોપટે કહ્યું: "શેઠ, તમે ગુરુના વાકયોનો અર્થ ન સમજયા? મુક્તિનો માર્ગ એક જ છે: મુક્ત ઇંદ્રિયોને સંયમિત કરો."

# પાત્રતા

મંદિરમાં પ્રભુની સુંદર પ્રતિમા હતી. હજારો લોકો આરસનાં શ્વેત પગથિયાની છાતી પર પગ મૂકીને મૂર્તિનાં દર્શન કરવા જતા. આથી પગથિયાનું મન ભરાઈ આવ્યું. ત્યાં એક કવિએ એના ઉપર પગ મૂક્યો અને એને ડૂસકું સંભળાયું.

સહાનુભૂતિપૂર્વક કવિએ પૂછ્યું તો પગથિયાએ કહ્યું: "એક જ ખાણમાં હું અને આ પ્રતિમા જન્મ્યાં હતાં. અમે બન્ને એક જ શિલાના બે ટૂકડા છીએ, છતાં દુનિયા આજે એના પગમાં પડે છે અને મને ઠેબે ચઢાવે છે; મારી છાતી ઉપર લોકો મેલા અને ગંદા પગ મૂકે છે અને એને ફૂલથી શણગારે છે; આ તેજોવધથી ઈર્ષા અને અદેખાઈ ન થાય?"

કવિએ હસીને કહ્યું: "તમે એક જ શિલાનાં બે સંતાન, પણ જયાં બારીક કારીગરીનો પ્રસંગ આવ્યો ત્યાં તું બટકી ગયું પણ પેલાએ તો ટાંકણાં સહીને પણ અંદરનું સૌન્દર્ય જ પ્રગટાવ્યું.

"જે જીવનમાં સહન કરીને કસોટીમાંથી પાર ઊતરી જાય છે, તે પ્રભુ બની પૂજાય છે અને જે સહન કરી શકતો નથી તે પગથિયાનો પથ્થર બની પછડાય છે.

"તારે રડવું જ હોય તો જગતના અન્યાય સામે નહિ, તારી અપાત્રતા સામે રડ. પાત્રતા હશે તો જ પ્રેમ-પુષ્પોની વૃષ્ટિ થશે."

# પ્રમાણિકતા

પેરિસમાં તા. ૧૩-૪-૭૦ સાંજે ડોમ્યુસ મેડીકાના હૉલમાં સ્વામી રંગનાથનંદ અને મારું સહપ્રવચન હતું. સાડા આઠના ટકોરે અમે ખંડમાં પ્રવેશ કર્યો ત્યારે હૉલ ચિકાર હતો. પ્રવચન પછી બહાર નીકળતાં હૉલની પરસાળમાં સરસ એક ટેબલ પર એક ઉમદા રૂમાલ બિછાવેલો હતો. એના ઉપર એક પેટી અને બાજુમાં ટિકિટની બુકો હતી. મેં પૂછ્યું: "આ શું છે?" "કેમ? આપને ખબર નથી? પ્રવચન સાંભળવા આવનારને લેવાની આ ટિકિટો છે અને તેના પૈસા નાખવાની આ પેટી છે. આ હૉલનું ભાડું, છાપામાં કરેલી જાહેરાત વગેરેનો ખર્ચ આમાંથી જ નીકળે ને?" મારી જિજ્ઞાસા વધી ગઈ: "પણ ટિકિટો વેચનાર તો અહીં કોઈ છે નહિ? પૈસાનો હિસાબ કોણ લે?"

"મુનિજી! આ લોકો આધ્યાત્મિક પ્રવચન સાંભળવા આવ્યા છે. એમના માટે હિસાબનો વિચાર થાય? એ કદી ફોગટ સાંભળીને જાય ખરા? દરેક આવતા જાય, ચાર ફ્રાન્ક પેટીમાં નાખતા જાય અને ટિકિટ ફાડીને લેતા જાય."

ભારતનાં ધર્મસ્થાનોમાં મેં આવું કદી જોયેલું નહિ એટલે મને જરા શંકા થઈ કે લાવ, પેટી ખોલાવી નજરોનજર જોઉં કે અંદર પૈસા તો છે ને? પણ એમ કરવા જતાં કદાચ ભારતના માનસ માટે એમને કોઈ સામી શંકા ઊભી થાય એટલે સ્મિત કરી હું આગળ વધ્યો.

# શીલ એ જ ભૂષણ

માધવરાવ પેશવાના રાજ્યકાળમાં રામશાસ્ત્રી ત્રણ ત્રણ ઉચ્ચ સ્થાનોને શોભાવતા હતા: મંત્રી, ન્યાયાધીશ અને ધર્મશાસ્ત્રી. એમનાં સલાહ અને ન્યાય સર્વમાન્ય હતાં. બેસતા વર્ષના સપર્વા દિવસે એમનાં પત્ની રાજમાતાને મળવા રાજમહેલમાં ગયાં. એમનો સાદો પહેરવેશ જોઈ રાણીઓના આશ્ચર્યનો પાર ન રહ્યો. આવા અસામાન્ય પુરુષની સ્ત્રી આવા સામાન્ય વેશમાં! એમણે એમને નવાં વસ્ત્રો પહેરાવ્યાં અને અલંકારોથી વિભૂષિત કરી પાલખીમાં ઘેર મોકલ્યાં.

પાલખી ઉપાડનાર ભોઈઓએ આવી શાસ્ત્રીને બારણે ટકોરા માર્યા. રામશાસ્ત્રીએ બારણું ખોલ્યું પણ ઠઠારો જોઈ પાછું બારણું બંધ કરતાં કહ્યું: "તમે ભૂલથી મારે બારણે આવ્યા છો. આ તો કોઈ દેવી છે. આ ગરીબ બ્રાહ્મણને ત્યાં એ ન હોય."

એમનાં પત્ની સમજી ગયાં. રાજમહેલમાં જઈ વસ્ત્ર આભૂષણ પાછાં આપી પેલાં સાદાં કપડાં પહેરી પગપાળા એ ઘેર આવ્યાં.

પત્નીને સ્નેહથી સત્કારતાં શાસ્ત્રીએ કહ્યું: "તારી ગેરહાજરીમાં તારા ઘરમાં કોઈ દેવી ઘૂસવા આવી હતી. એકપત્નીવ્રતધારી એવો હું એ કેમ સહન કરું?"

# શિકાર નહિ, સંયમ

આજે રામરાજ્ય અને આર્યસંસ્કૃતિની વાતો તો ખૂબ જ થાય છે પણ પ્રજાના ઉપલા વર્ગમાં જે ચાલી રહ્યું છે તે કેવું કરુણ છે!

રામરાજ્ય એટલે મર્યાદા અને સાદાઈ. એને બદલે આજે રૂપનાં દર્શન, નિદર્શન અને પ્રદર્શનના જલસા ચાલી રહ્યા છે. ઉપલા વર્ગનાં નરનારીઓએ રૂપની હરીફાઈનાં જે પ્રદર્શન માંડયાં છે તે પતનની પરાકાષ્ઠા નથી? માત્ર કટિ-વક્ષનાં વસ્ત્રોમાં વિવસન યુવતીઓને હારબંધ ઊભી રાખી, નીરખી નીરખીને આંખોની પ્યાસ તૃપ્ત કરી, એને લલચાવવા રૂપરાણી કહી શિયળધર્મનું અપમાન કરવાનું કાર્ય તો રાવણે પણ નહોતું કર્યું!

પોતાને આ માર્ગથી ઉપાડી જવામાં આવી છે તે સૂચવવા સીતાએ માર્ગમાં આભૂષણો વેરેલાં. તે મળી આવતાં શ્રી રામે લક્ષમણને પૂછ્યું: "મારું ચિત્ત વિકળ છે એટલે હું નિર્ણય કરી શકતો નથી. તો કહે કે આ આભૂષણો સીતાનાં જ છે ને?" લક્ષ્મણે નમન કરી કહ્યું: "બંધુ, આ કુંડલ અને કંકણને હું કેમ જાણું? હા, એમના ચરણોમાં રોજ નમન કરતો એટલે કહી શકું કે આ નૂપુર તો એમનાં જ છે."

રૂપ પ્રતિ મર્યાદાથી ઝૂકેલી પાંપણનાં નમન હોય, ગીધની શિકારી નજર નહિ.

## પ્રેમ પુષ્પનો ભાર

રાજકુમારના પ્રશંસકો અને મિત્રોએ એને સન્માનવા સુવર્ણના અલંકારોથી એને તોલવાનું વિચાર્યું. મોટા કાંટાના એક પલ્લામાં કુમારને બેસાડયો. સામે બીજા પલ્લામાં એક પછી એક આભૂષણો એ ગોઠવતા ગયા પણ પલ્લું કેમે ય ન નમે.

ત્યાં શિયળની સુવાસથી જેનું તન મન પ્રસન્ન છે એવી કુમારની ધર્મપ્રિયા આવી ચઢી. આ મૂંઝાયેલા પ્રશંસકોને જોઈ કરુણાથી એ દ્રવી ગઈ. એના હાથમાં તાજા ખીલેલ ગુલાબનું એક ફૂલ હતું તે એણે આભૂષણોના ઢગલા પર મૂકયું અને પલ્લું ઝૂકી ગયું!

સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. ફૂલમાં આ તાકાત! હા, સ્ત્રીહૃદયની પ્રેમભકિત અને શુદ્ધિ અબળને પણ સબળ બનાવી દે છે.

# બળથી નિર્બળ

એ મહાન તપસ્વી હતો. એની આસપાસ અભયનું વાતાવરણ હતું. એટલે હરણાં અને સસલાં એની હૂંફમાં સલામતી માણતાં. પણ ઇન્દ્રને ડર લાગ્યો. એણે એનું સિંહાસન સાચવવા તપસ્વીના પતનનો માર્ગ વિચાર્યો. એ ક્ષત્રિય બની તપસ્વી પાસે આવ્યો. "સંત! આ રત્નજડિત તલવાર આપની પાસે મૂકી હું જરા સ્નાન કરી આવું?" કહી એ સ્નાન કરવા ઊપડી ગયો. સાંજ થઈ. એ ન આવ્યો. તપસ્વીને ચિન્તા થઈ—માણસની નહિ, આ રત્નજડિત તલવારની. તલવાર હાથમાં લીધી. ધારદાર તલવારના સુવર્ણ મૂઠમાં રત્નો ચમકી રહ્યાં હતાં. એને એક નબળો વિચાર આવી ગયો. આ તલવાર જેની પાસે હોય તેને ભય કોનો? તપસ્વી જ્યાં જાય ત્યાં તલવાર સાથે જ લઈ જાય. ધીરે ધીરે એને અહિંસાને બદલે તલવારની તાકાતમાં શ્રદ્ધા વધતી ગઈ.

એ ભૂલી ગયો, સિંહાસન તલવારથી નહિ, ત્યાગથી સ્થિર થયાં છે. એને આત્મિકને બદલે ભૌતિક બળ સબળ લાગ્યું. તલવાર જોતાં મૃગલાં અને સસલાં દૂર ભાગ્યાં. તપસ્વી મલકાયા: જોઉં છું હવે મારી પાસે કોણ આવવા હિમ્મત કરે છે!

ઇન્દ્રના મુખ પર માર્મિક સ્મિત ફરક્યું.

# સંગીતભર્યો શ્રમ

ગામના મધ્યભાગમાં બાંધકામ ધમધોકાર ચાલી રહ્યું હતું.

ત્યાં થઈને એક ચિન્તક પસાર થતા હતા. એમને જિજ્ઞાસા થઈ. એક કારીગરને પૂછ્યું: "શું ચાલે છે?"

પેલાએ કંટાળાભર્યા સ્વરે કહ્યું: જોતા નથી? મજૂરી કરીએ છીએ. પથ્થર ફોડીને રોટલા ભેગા થઈએ છીએ."

ચિન્તકને લાગ્યું: આનાથી સંતોષકારક ઉત્તર નહિ મળે. એ આગળ વધ્યા અને બીજા કારીગરને પૂછ્યું. પ્રસન્નતાથી એણે કહ્યું: "કેટલાય લોકો ભીખ માગી બીજા પર જીવે છે. જ્યારે અમે તો શ્રમ કરી પ્રામાણિકતાથી આજીવિકા મેળવીએ છીએ અને સંતોષથી જીવનયાત્રા વિતાવીએ છીએ."

ચિન્તકને લાગ્યું: આ શેનું સર્જન થઇ રહ્યું છે, તેનો ઉત્તર તો આણે પણ નથી આપ્યો. એટલે ત્રીજા કારીગરને પૂછ્યું: "આ શું કરો છો?" એણે ગૌરવથી મસ્તક ઉન્નત કરતાં કહ્યું: "શું કરીએ છીએ? અરે, નવનિર્માણ કરીએ છીએ. અમારા શ્રમમાંથી મંદિરનું સર્જન થશે, રાષ્ટ્રને શિલ્પકલાનો નમૂનો મળશે, પ્રજાને પ્રભુ મળશે અને અમને ગૌરવપૂર્ણ આજીવિકા મળશે."

એક વસ્તુ પહેલાને વેઠ લાગી, બીજાને શ્રમનો મહિમા લાગ્યો, ત્રીજાને આવતી કાલનો વારસો આપવાનું સ્વપ્ન લાગ્યું. દૃષ્ટિ એક, પણ દર્શન ભિન્ન.

# આંખમાં નહિ, અંતરમાં

ઉદ્યાનમાં હું વિહાર કરતો હતો. મારી આગળ એક યુગલ ચાલ્યું જતું હતું. ૬૩ની જેમ એકબીજાની સન્મુખ હોવાને બદલે ૩૬ની જેમ એકબીજાથી વિમુખ હતાં. મને થયું, આ બન્ને વચ્ચે ૬૩ના સંવાદને બદલે ૩૬નો વિવાદ જણાય છે. પણ ચાલતાં હતાં ૩૩ની જેમ એકબીજાની આગળ પાછળ.

ત્યાં તો પુરુષ બોલતો સંભળાયો:

"શું ધૂળ સૌન્દર્ય છે તારામાં! તને ખુશ કરવા લોકો મફતમાં ખુશામત કરે છે. ચૂના જેવી ધોળી થઈ એ તે કંઈ સૌન્દર્ય કહેવાય?" લાવણ્યનીતરતી સ્ત્રીને ઉતારી પાડતા ગાયકે કહ્યું.

ત્યાં તો જાણે વીજળી ત્રાટકી. "અને તમારા ગળામાં સ્વરની મીઠાશ જ ક્યાં છે? મૂર્ખાઓ તમને ગવૈયા કહી વાહ વાહ કરે છે. બરાડા તાણવા એ તે કંઈ સ્વર સંગીત છે?"

બન્નેમાં રહેલો કલહ એકબીજાના દોષ જ જોઈ રહ્યો હતો.

હું થોડું ચાલ્યો ત્યાં ફૂલને કહેતા બુલબુલનું ગુંજન સંભળાયું: "સૌન્દર્ય તો છે, પુષ્પ! તારા પરાગ અને પરિમલમાં!"

ફૂલે સ્નેહની સુવાસમાં ઉત્તર આપ્યો: "સૌન્દર્ય તો છે, બુલબુલ! તારા ગળામાંથી નીતરતા સ્વરમાધુર્યમાં."

અહીં પ્રેમની આંખ ગુણ જ જોઈ રહી હતી. પહેલી જ વાર મને સૌન્દર્યનું સત્ય જડ્યું: સૌન્દર્ય વસ્તુમાં નહિ, પ્રેમમાં છે—આંખમાં નહિ, અંતરમાં છે.

# કરુણાભાવ

પૂજ્યશ્રીની એ કરુણા નીતરતી આંખો તો કેમે ય ભુલાતી નથી! એક ગધેડાની પીઠ પર પાઠું પડ્યું હતું, એમાંથી લોહી વહી જતું હતું. ઉપરથી કાગડા ચાંચ મારી એને હેરાન કરી રહ્યા હતા. એ દોડતું દોડતું ઉપાશ્રયના દ્વારે આવ્યું.

પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રકાન્તસાગરજી મહારાજનું ધ્યાન એ બાજુ ગયું. એમનું માંખણ-શું કોમળ હૃદય દ્રવી ગયું. બાજુમાં રહેતા યુવાનોને એમણે કહ્યું: "તમે અહિંસાની વાતો તો ખૂબ જ કરો છો, પણ આ ગધેડું રિબાય છે. તેને જોઈ તમને કંઈ કરવાનું મન થાય છે ખરું?"

યુવાનોએ મળી ગધેડાને રોકી એના ઘા પર ઘાતેલ રેડી, એના પર રૂ મૂકી કંતાનનો પાટો બાંધ્યો અને ઉપર પાતળી દોરી બાંધી. તેને હવે કંઈક શાતા વળી હતી, જ્યારે પૂજ્ય મહારાજશ્રીની આંખોમાંથી કરુણા વરસતી હતી.

પૂજ્યશ્રીએ કહ્યું: "કુંભાર અને ધોબી કેવા સ્વાર્થી છે! સશક્ત હોય ત્યાં સુધી એની પાસેથી પૂરેપુરું કામ લે અને બિમાર પડે એટલે પશુઓને મારી ભગાડે!"

પૂજ્યશ્રીની વાણી યુવાનોને સ્પર્શી ગઈ. એક યુવાને તો કમાલ કરી: એ પોતાના બંગલામાં જઈ ચૂલા પર રંધાઈને તૈયાર થયેલો ભાત એક કથરોટમાં ઠાલવી લઈ આવ્યો અને એ થાળ ભૂખ્યા પશુ આગળ ધર્યો!

ગદ્ધો આજે ખાતો હતો, અને તે પણ પાછા દિલ્હીનાં ચાવલ!